# નામણ પ્રાથમિક શાળાએ શતાબ્દી શૈક્ષણિક યાત્રા દરમિયાન અનેકવિધ વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી બનાવી છે






બોરસદ તાલુકાના નામણ ગામમાં આવેલી નામણ પ્રાથમિક શાળા છેલ્લા સો વર્ષથી પણ વધુ સમયથી ગ્રામીણ બાળકોના જીવનમાં જ્ઞાનનો ઉજાસ ફેલાવી રહી છે. ઈ.સ. 1913માં રોપાયેલું આ શૈક્ષણિક બીજ આજે એક વિશાળ વટવૃક્ષ બનીને અનેક પેઢીઓને શિક્ષણ સંસ્કાર અને ઉજ્જવળ કારકિર્દી માટે કામ કરે છે.

એક સદી પહેલા જ્યારે નામણ ગામમાં શિક્ષણની કોઈ સુવિધા નહોતી, ત્યારે ગામના બાળકોએ અભ્યાસ માટે આજુબાજુના ગામો જેવા કે નાપા અથવા દહેમી સુધી લાંબા અંતર કાપીને જવું પડતું હતું. વાહનવ્યવહારના અભાવે આ મુસાફરી ઘણી કપરી હતી. આ મુશ્કેલીને સમજીને સો વર્ષ પહેલાં 1913ની બીજી ફેબ્રુઆરીએ નામણ ગામમાં પ્રાથમિક શાળાનો પાયો નખાયો હતો. તત્કાલીન સમયે શાળાના વિકાસમાં લોકલ બોર્ડ અને મહેતાજી તરીકે સેવા આપનાર શિવાભાઈ દ્વારકાદાસનું યોગદાન પાયાનું રહ્યું છે. ૨૦-૧૨-૧૯૧૨ના રોજ ઠરાવ પસાર કરીને શાળા શરૂ કરવાની મંજૂરી મળી અને ૧૯૧૩થી શિક્ષણકાર્ય શરૂ થયું. શાળાના મકાન માટેની જમીન ગામના ઉદારદિલ દાતા ખુશાલભાઈ મોરારભાઈ વાણિયા તરફથી દાનમાં આપવામાં આવી હતી. શાળામાં હાલ અદ્યતન મકાન સાથે કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, વિજ્ઞાનખંડ અને સ્માર્ટ ક્લાસ સુવિધા ઉપલબ્ધ છે. નામણ પ્રાથમિક શાળા માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. શાળાના ભૌતિક અને શૈક્ષણિક વિકાસમાં અનેક દાતાઓ અને એસ.એમ.સી. (SMC) સમિતિનો ફાળો રહ્યો છે. ૧૦૦ વર્ષના લાંબા ગાળામાં આ શાળાએ હજારો વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને સમાજમાં પ્રતિષ્ઠિત નાગરિકો તરીકે સ્થાપિત કર્યા છે.

### શાળાના ભૌતિક અને શૈક્ષણિક વિકાસમાં અનેક દાતાઓ અને એસ.એમ.સી. (SMC) સમિતિનો ફાળો રહ્યો છે

સુશિલાબેન કિશનભાઈ સોલંકી- અધ્યક્ષ, સ્વપ્નીલકુમાર દિનેશભાઈ પરમાર- સભ્ય સચિવ, શિલ્પાબેન અમરીશભાઈ પટેલ - શિક્ષણવિદ, રમીલાબેન ભાનુભાઈ પટેલ- પંચાયત સભ્ય, સંગીતાબેન મહેશભાઈ ડાભી- મહિલા પ્રો. સભ્ય, સુનિલભાઈ હિંમતભાઈ ડાભી - ઉપાધ્યક્ષ, રાજેશભાઈ નટુભાઈ સોલંકી - વાલી સભ્ય, અરવિંદભાઈ અંબાલાલ તળપદા - વાલી સભ્ય, ગાયત્રીબેન વિપુલભાઈ ડાભી - વાલી સભ્ય, તારાબેન અરવિંદભાઈ સોલંકી- વાલી સભ્ય, સોનલબેન મિથુનભાઈ વાઘેલા - વાલી સભ્ય, સુધાબેન ભરતભાઈ ગોહેલ - વાલી સભ્ય, રાજેશભાઈ ભીખાભાઈ સોલંકી-કડિયો


# ગામની દૂધ મંડળી દ્વારા પશુપાલકોને દૂધના યોગ્ય ભાવો અને સુવિધાઓ મળે છે

ગામના લોકોનું મુખ્ય જીવન ગુજરાન ખેતી અને પશુપાલન પર આધારિત છે. ગામની ફળદ્રુપ જમીન અને સિંચાઈની સુવિધાઓને કારણે ખેડૂતો આધુનિક ખેતી તરફ વળ્યા છે. પશુપાલન એ પૂરક વ્યવસાય તરીકે ગામના સ્થાનિક અર્થતંત્રને ગતિ આપે છે. ગામની દૂધ મંડળી દ્વારા પશુપાલકોને પોતાના દૂધના યોગ્ય ભાવો અને સુવિધાઓ મળે છે, જેનાથી ગ્રામજનોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. ગામની પ્રજાનો આર્થિક વિકાસનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદૃષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારી સદર સંસ્થાની સ્થાપના 30મી એપ્રિલ 1952ના રોજ કરવામાં આવી હતી. ગામના આગેવાનોએ સંસ્થા શરૂ કરવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા ગામમાં મુખ્ય બજારમાં તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં ખુબ ઓછી સભાસદ સંખ્યાથી શરૂ થયેલી આ સંસ્થા આજે 1450 ઉપરાંત સભાસદની સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાઈ તેમ આ સંસ્થાનું નૂતન અદ્યતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ પામ્યું છે. જેમાં દૂધ સાચવવાનો વિશાળ “ટાંકો” લાવવામાં આવ્યો છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત ગામસફાઈ, રાહત દરે દવાનું વિતરણ વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે.



### વ્યવસ્થાપક કમિટી મંડળીનો વહીવટ પાંચ વર્ષ માટે સંભાળે છે

ચેરમેન- રેખાબેન ત્રિકમભાઈ સોલંકી, વા. ચેરમેન નીરજકુમાર રાવજીભાઈ પટેલ, સેક્રેટરી- જગદીશભાઈ નરસિંહભાઈ પટેલ, સભ્યો - સેજલબેન પ્રવિણભાઈ સોલંકી, સુધાબેન ચંદુભાઈ ડાભી, રમેશભાઈ ભીખાભાઈ સોલંકી, ચીમનભાઈ કાભઈભાઈ સોલંકી, રમેશભાઈ પુનમભાઈ ડાભી, છત્રસિંહ ભરતભાઈ ડાભી, રમેશભાઈ મંગળભાઈ ડાભી.



# લોકપ્રતિનિધિઓ યોગ્ય આયોજન દ્વારા પ્રાથમિક સુવિધાઓ માટે સક્રિયતાથી જવાબદારી સંભાળે છે



નામણ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં પાણી વ્યવસ્થા, આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે. ગામને સિંચાઈનો લાભ મળ્યો છે; એટલે ગામના ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજ મેળવી શકે છે. ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ નામણ ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે . પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો

કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે.

### સરપંચ અને ગ્રામ પંચાયત સભ્યો

**સરપંચ -** જ્યોતિબેન હર્ષદભાઈ ડાભી, **ડે. સરપંચ** પિન્ટુભાઈ મગનભાઈ સોલંકી, **સભ્યો** - હીનાબેન પ્રકાશભાઈ સોલંકી, કોકીલાબેન રાજેશભાઈ ડાભી, મીનાબેન નુટભાઈ સોલંકી, રમેશભાઈ કેશવભાઈ હરીજન, દિપીકાબેન નિકુમભાઈ સોલંકી, **પૂર્વ સભ્યો** સ્વ. બાબુભાઈ મગનભાઈ વાળંદ, સ્વ. રમીલાબેન ભાનુભાઈ પટેલ, સ્વ. શાન્તીલાલ રામાભાઈ ડાભી (પૂર્વ ડે. સરપંચ).

### ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ


અંબાલાલ મગનલાલ મહેતા, મોતીભાઈ શાભઈભાઈ ડાભી, ધુળીબેન મંગળભાઈ ડાભી, ઈશ્વરભાઈ દેસાઈભાઈ પટેલ, કુવરભાઈ ચતુરભાઈ ડાભી, ઉદેસિંહભાઈ મંગળભાઈ ડાભી, રણછોડભાઈ શનાભાઈ ડાભી, જયદીપભાઈ ગજાનંદ જોષી, પ્રકાશકુમાર રણછોડભાઈ પટેલ, મૌલિકાબેન બાલકૃષ્ણ પટેલ, કમળાબેન રાવજીભાઈ ડાભી, મીનાબેન સુરેશભાઈ સોલંકી, રતીલાલ દેસાઈભાઈ સોલંકી.

# શ્રદ્ધાળુ ગ્રામજનો દેવ મંદિરોમાં દરરોજ પૂજા-અર્ચના તેમજ દરેક ધાર્મિક ઉત્સવોની ઉજવણી કરે છે





નામણ ગામમાં પ્રવેશતાં જ ભાગોળે હારબંધ દેવ મંદિરોનુ નિર્માણ કરીને દેવ મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે. નામણ ગામમાં એક પવિત્ર અને શાંત વાતાવરણનો અનુભવ થાય છે. નામણ ગામ ધાર્મિક દૃષ્ટિએ ખૂબ જ ઉત્સાહિત અને ભક્તિભાવ વાળું છે. ગામમાં પૌરાણિક




દેવસ્થાનો આવેલા છે . તમામ દેવમંદિરો ગ્રામજનોની આસ્થાના કેન્દ્ર છે:

ભગવાન શ્રી રામજીનું મંદિર: નામણ ગામમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાનની શ્રીરામ સીતામાતા અને લક્ષ્મણજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. ગ્રામજનો માટે દેવમંદિર ભક્તિનું પ્રતીક બની ચુક્યું છે.

શિવ મંદિરો: ગામમાં વિવિધ સ્થળોએ શિવમંદિર પણ નિર્માણ



કરવામાં આવ્યા છે. ગામની મધ્યમાં સિદ્ધેશ્વર મહાદેવનુ વિશાળ મંદિર બનાવવામાં આવ્યું છે. સવાર સાંજ નિયમિત રીતે પુજન અર્ચન કરવામાં આવે છે. શ્રધ્ધાળુઓ ભગવાન ભોળાનાથના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આ ઉપરાંત ગામની પૂર્વ દિશામાં ખુબ જુનું પુરાણું દેવળીયા મહાદેવનું મંદિર પણ પવન ફર્ટીલાઈઝર ના માલિક તુષારભાઈ ઠક્કરના સંપૂર્ણ સહયોગથી જીર્ણોધ્ધાર



પામ્યું છે.

સ્થાનિકોએ જણાવ્યા મુજબ અંદાજે સાતસો કરતા વધુ વર્ષો અગાઉ અહીં શિવલિંગની સ્થાપના કરાઇ હોવાનું માનવામાં આવે છે. હાલમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નયનરમ્ય બનાવવામા આવ્યું છે. શિવ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે.

ગામની ભાગોળે જ અંબાજી માતા, ભાથીજી મહારાજ, વહાણવટી માતા,




બ્રહ્માણી માતા, ખોડિયાર માતા અને મેલડી માતાના મંદિરો એક જ હરોળમાં નિર્માણ કરવામાં આવ્યા છે. ગ્રામજનો માટે દરેક મંદિરોમાં આસ્થા જોડાયેલી છે. વર્ષ દરમિયાન ચૈત્ર આઠમ હવન, ભાદરવી આઠમ હવન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. લોક શ્રદ્ધાથી દેવ મંદિરોમાં દરેક ઉત્સવ ઉજવવામાં આવે છે.આ મંદિરોમાં દરરોજ પૂજા-અર્ચના અને ધાર્મિક ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે, જે ગામના વાતાવરણને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ રાખે છે.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)